# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૦/ક્વા-3/૨૦૨૦-૨૧/33 તા. ૨૯.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૦/ક્વા-3/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ખાણધર મનસુખ ફોગા ગામ – કેનેડી

સબડીવીઝન: ભાટીયા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દેવભૂમી દ્વારકા

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દેવભૂમી દ્વારકા

તારીખ: શુક્રવાર (૦૮.૦૧.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૧.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,મારા દ્વારા તા. ૨૭.૦૪.૨૦૧૭ ના રોજ રસીદ નં. WQ ૯૩૩૫૯૪ થી નવા ખેતીવાડી વીજ જોડાણ ની અરજી કરેલ જેનું સર્વે પણ કરી ગયેલા અને ક્વોટેશન બાબતે ઓફિસે તપસ કરતાં તેમના દ્વારા એવું જણાવેલ કે તમારું ક્વોટેશન નીકળી ગયું છે તેમજ તેની સમય મર્યાદા પણ પૂર્ણ થયેલ હોઈ નવી અરજી કરજો તો આપ સાહેબ શ્રી ને જણાવવાનું કે મારૂ ક્વોટેશન નીકળ્યા બાબતે મને ટેલેફોનિક કે પોસ્ટ દ્વારા કોઈ કારણસર જાણ

કરેલ ના હોઈ મારા ક્વોટેશન ની સમય મર્યાદા વધારી આપી મારૂ કનેક્શન વહેલી તકે ચાલુ કરાવી આપવા વિનતી. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ શ્રી ખાણધર મનસુખ ફોગા દ્વારા ભાટીયા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ.કેનેડી ખાતે નવા ખેતીવાડી કનેક્સનના અંદાજપત્ર બાબત માટે રજૂઆત કરેલ.

૩.૧ સદર બાબતના અનુસંધાને જણાવવાનું કે પેટા વિભાગીય કચેરી દ્વારા જે તે સમયે અંદાજપત્ર આઉટવર્ડ કરેલ અને ટેલીફોનીક જાણ કરેલ પરંતુ અરજદારને ટપાલમાં મોકલવાનું બાકી રહી ગયેલ..

૩.૨ જેથી અરજદારને અંદાજપત્ર સમયસર ન મળેલ. સદર બાબતે જે તે સમયના નાયબ ઈજનેર નો ખુલાસો ડીડીડી/ટેક/૨૦૨૧/૯ તા.૦૬.૦૧.૨૦૨૧ સંદર્ભિત પત્ર થી માંગેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ને અંદાજ પત્ર પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મોકલવામાં આવેલ નથી.જેની સામે કસૂર વાર અધિકારી સામે કંપની ના નિયમોનુસાર શિસ્તભંગ ના પગલાં લેવા અને અરજદાર શ્રી ની મૂળ અરજી ના આધારે નવું અંદાજ પત્ર આપવા અને કનેક્શન આપવા માટેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯